જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૦/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૦૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૦૭	૦	૧૧૭૦૭	૧૭૮૧૮	૦	૧૭૮૧૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૬	૦	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	**Disaster Management Act 2005** હેઠળના ગુન્હાઓ	૭૨૭૪૮	૨૮	૭૨૭૭૬	૭૩૭૮૩	૨૭	૭૩૮૧૦
કુલ		૮૯૩૦૪	૨૮	૮૯૩૩૨	૯૮૨૭૬	૨૭	૯૮૩૦૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૫	૩,૬૮,૭૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૦૮	૩,૦૮,૦૦૦/-

ચેન સ્નેચીંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

ગણતરીના કલાકોમાં ચેન સ્નેચીંગનો ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી "કે" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે ડી.વી.તડવી પોલીસ ઇન્સપેકટર શ્રીની સુચના તથા માર્ગદર્શને હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.એન.પી.ગરાસીયા તથા અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા અ.હેડ.કોન્સ.ધર્મરાજ યુવરાજ બ.નં.૮૬૯૮ તથા હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૬૬૭૭ તથા પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં.૫૬૮૮ તથા પો.કો.ગોપાલ શિવાભાઇ બ.નં.૯૧૬૦ તથા પો.કો.વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૭૦૨૯ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૬૬૭૭ તથા પો.કો.ગોપાલ શિવાભાઇ બ.નં.૯૧૬૦ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી ઇબ્રાહીમ ઉર્ફે ગાંડી કાદરભાઇ મેમણ ઉ.વ.૩૦ રહે : મ.નં.૧૦૧૮ બી બ્લોક એકતાનગર રો હાઉસ પાણીની ટાંકી પાસે એકતાનગર દાણીલીમડા અમદાવાદ શહેર નાને નજર ચુકવી ઝુંટવી લઇ ચોરી કરી મેળવેલ સોનાની પેન્ડલ સાથેના ચેન આશરે ૨૦/૦૦ ગ્રામ વજનની કિ,રૂ,૫૦,૦૦૦/- તથા ગુનામાં ઉપયોગમાં લીધેલ હિરો સ્પ્લેન્ડર મો.સા.નં.જીજે.૦૧.યુ.એચ.૨૯૬૫ કિ,રૂ,૩૫,૦૦૦/- ના મુદામાલ સાથે ગણતરીના કલાકોમાં પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન એ-પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૧૧૪૭૦/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯(એ),(૩) મુજબ નો મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૧૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૬૧ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૧૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૧૯૧૨/૨૦૨૧**

ક્રાઇમ બ્રાન્ચઃ પંકિત દિલીપકુમાર શાહ (ઉ.વ.૩૧) (રહે. ન્યુ પ્રેમનગર એપાર્ટમેન્ટ ગાયત્રી હોસ્પીટલ સામે નવાવાડજ) એ તા.૧૯/૧૦/૨૦૨૧ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૧૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર અનિલ લિમીટેડ (અનિલ સ્ટાર્ચ લી.) કંપની મીલ રોડ ખાતે આરોપી ડાયરેકટર (૧) અમોલ શ્રીપાલભાઇ શેઠ (રહે. આંગન બંગલો કોટેશ્વર ગામ સેરીનીટી લાઇબ્રેરી પાસે ગાંધીનગર) એ મકાઇનો ઉધાર માલ રૂપિયા ૩,૬૪,૬૫,૧૨૫/- વેચાણ કરી ૩૩,૭૨,૧૪૫/- રકમ ભરી કુલ-૧૩ બાંહેધરી ચેક આપ્યાં બાદ જે ચેકોનું સ્ટોપ પેમેન્ટ કરતા ચેક રીટર્ન થતાં અવાર-નવાર બાકી પેમેન્ટ માંગણી કરતા રૂપિયા ૩,૬૪,૬૫,૧૨૫/- નહીં ચુકવી કંપનીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.ગામેતી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૯૧૩/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ હર્ષીલકુમાર મુકેશભાઇ પટેલ (રહે. અજંતા ઇલોરા બંગલોઝ ઝાયડસ હોસ્પીટલ સામે થલતેજ) એ તા.૧૯/૧૦/૨૦૨૧ ના **રોજ** સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૮/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યા પહેલા એસ.પી.રીંગ રોડ ઓગણજ સર્કલ પાસે વેદાંત કદમ બંગલોઝ સામે ટાવર નંબર-૪૦૧ ટાવરનુ તાળુ તોડી સેમસંગ કંપનીનુ સી.ડી.યુ કિમત રૂપિયા ૪,૨૩,૦૦૨/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

લુંટની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૯૧૪/૨૦૨૧**

રખિયાલઃ મોહમદશેહજાદ મોહમદઉમર અંસારી (ઉ.વ.૩૧) (રહે.મણીલાલની ચાલી હસન સૈયદ દરગાહ પાછળ બાપુનગર) તા.૧૭/૧૦/૨૦૨૧ બપોરના ૩/૧૫ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન રખિયાલ ભારતમીલ ગેટ આગળથી અનુપમ ટોકીઝ સામે પ્રગતિ સ્કુલની બાજુમાં આવેલ ગલીમાં કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ પોલીસની ખોટી ઓળખ આપી ચપ્પુ બતાવી ધાક-ધમકી આપી માર મારી મોહમદશેહજાદ અંસારીના ખિસામાંથી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- કાઢી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મોહમદશેહજાદ અંસારીએ તા.૧૯/૧૦/૨૦૨૧ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.ભાટીયા ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૯૧૫/૨૦૨૧**

શહેરકોટડાઃ પ્રવિણભાઇ અંબાલાલ મકવાણા (ઉ.વ.૫૦) (રહે. સુર્યાનગર સોસાયટી કલાપીનગર અસારવા) તા.૧૯/૧૦/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે મેમ્કો ઓમકાર ફેક્ટરીમાં કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૨/૦૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રિતેશકુમાર ગોવિંદભાઇ ચલાવે છે.

અમરાઇવાડીઃ બાબુભાઇ મોરારભાઇ સોલંકી (ઉ.વ.૫૦) (રહે. અબ્દુલસત્તારની ચાલી મનજીભીલની ચાલીની બાજુમા પોસ્ટ ઓફીસ સામે અમરાઇવાડી) તા.૧૯/૧૦/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ઉત્તમ ડેરી પાસે આવેલ ઓલ્વીન મેટલ પરપ્યુરેટર નામની કંપનીમાં કામ કરતા હતા ત્યારે પરપ્યુરેટર મશીનનો આગળનો ભાગ તુટી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

નારોલઃ અજયકુમાર રશીલ રાય (ઉ.વ.૨૧) (રહે.પીપળજ-પીરાણા રોડ પોપટકાકા રો હાઉસ ગણેશનગર સામે પીપળજ) તા.૧૯/૧૦/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ચીરીપાલ ઇન્ડસ્ટ્રીઝમાં POY લાઇન મશીન ઉપર કામ કરતા હતા ત્યારે મશીનમાં આવી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને નારોલ શક્તિ જનરલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ૧૦/૧૬ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૯૧૬/૨૦૨૧**

અમરાઇવાડીઃ ગણપતિ ગોવિંદરાજ મુદલીયાર (ઉ.વ.૪૮) (રહે. બાલાજી હાઉસ લક્ષ્મીનારાયણ ચાર રસ્તા) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા હાટકેશ્વર ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન ખાતે પોતાના માતાના ઘરે છતમાં લોખંડના હુકમાં રસી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગજેન્દ્રસિહ વિક્રમસિહ ચલાવે છે.

વેજલપુરઃ કંચનબહેન વા/ઓ પરશુરામ ઠાકુર (ઉ.વ.૨૫) (રહે. એકલદેવનગર સાલપુરા ફાટક પાસે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૧ બપોરના ૪/૦૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે રસોડામાં છતમાં લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

ખોખરાઃ દર્શનાબહેન ઉર્ફે કીટુ ડો/ઓ મહેન્દ્રભાઇ ચૌહાણ (ઉ.વ.૨૯) (રહે. પ્રેમા ઉકાની ચાલી કે.કા.શાસ્ત્રી કોલેજ સામે ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૧ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિપુલગીરી ભનુગીરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.